# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

****************************************************

1) સશસ્ત્ર દળોનાં લશ્કરી વડા-CDS જનરલ અનિલ ચૌહાણે ભારપૂર્વક જણાવ્યું છે કે ભારત આતંક અને પરમાણુ બ્લેકમેલના પડછાયા હેઠળ જીવશે નહીં

2) ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ ચાર દેશોનાં પ્રવાસેથી સ્વદેશ પરત

3) ઇન્ડિયા એલાયન્સના સહયોગી પક્ષોએ પહેલગામ હુમલો અને ઓપરેશન સિંદૂર અંગે સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માંગ કરી

4) સતત વરસાદને કારણે પૂર્વોત્તરના કેટલાક રાજ્યોમાં પૂરની સ્થિતિ હજુ પણ ગંભીરઃ આગામી બે દિવસ અતિભારે વરસાદની આગાહી

5) આઇપીએલની ફાઇનલમાં પંજાબ કિંગ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCB સામે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી

.........................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CDS ANIL CHAUHAN

સશસ્ત્ર દળોનાં લશ્કરી વડા-CDS જનરલ અનિલ ચૌહાણે આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત આતંક અને પરમાણુ બ્લેકમેલના પડછાયા હેઠળ જીવશે નહીં, તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાને સરકાર પ્રાયોજિત આતંકવાદને રોકવો પડશે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, ઈસ્લામાબાદના છદ્મ યુધ્ધને હવે સહન કરવામાં આવશે નહીં. જનરલ ચૌહાણે સાવિત્રીબાઈ ફુલે, પૂણે યુનિવર્સિટીમાં 'ફ્યુચર વોર્સ એન્ડ વોરફેર "પર વ્યાખ્યાન આપતા આ વાત કહી હતી.

તેમણે ભારતીય સૈન્યના નવા અભિગમ વિશે જણાવ્યું કે, સરકારે આતંકવાદને પાણી સહિત મહત્વપૂર્ણ સંસાધનો સાથે જોડીને લશ્કરી કામગીરીમાં એક નવી રેખા દોરી છે. સીડીએસએ એમ પણ કહ્યું કે પહેલગામના ક્રુર આતંકવાદી હુમલાના ઝડપી અને ચોક્કસ જવાબ તરીકે શરૂ કરવામાં આવેલા ઓપરેશન સિંદૂર દરમિયાન સરહદ અને પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીરની આતંકવાદી શિબિરોને નિશાન બનાવવામાં આવી હતી.

. . . . . . . . . . . . . . .

# ALL PARTY DELEGATION

ઓપરેશન સિંદૂરની સફળતા અને આતંકવાદ સામેના તેના દૃઢ વલણનો પ્રચાર કરવા વિદેશ ગયેલાં સાતમાંથી બે પ્રતિનિધિમંડળ સફળ મુલાકાત બાદ સ્વદેશ પરત ફર્યા છે.

ડીએમકે સાંસદ કણિમોઝીના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળ સ્પેન, ગ્રીસ, સ્લોવેનિયા, લાતવિયા અને રશિયાની પાંચ દેશોની મુલાકાત પૂર્ણ કરીને ભારત પરત ફર્યું છે.

ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે આજે નવી દિલ્હી પરત ફર્યા બાદ વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી.

પ્રસ્તુત છે આ મુલાકાત અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ

(વોઈસ કાસ્ટ - જાગૃત્તિ)

ડૉ. જયશંકર સાથે મુલાકાત બાદ પત્રકારો સાથે વાત કરતા, રાજદ્વારી અને પ્રતિનિધિમંડળના સભ્ય હર્ષવર્ધન શ્રીંગલાએ જણાવ્યું હતું કે પ્રતિનિધિમંડળે મંત્રીશ્રીને પોતાનો પ્રતિભાવ અને માહિતી આપી હતી.

શિવસેનાના સાંસદ ડૉ. શ્રીકાંત શિંદેના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે લાઇબેરિયાની સફળ મુલાકાત પૂર્ણ કરી હતી. એનસીપી (શરદચંદ્ર પવાર જૂથ) ના સાંસદ સુપ્રિયા સુલેના નેતૃત્વમાં પ્રતિનિધિમંડળે આજે ઇજિપ્તના વિદેશ મંત્રી ડૉ. બદ્ર અબ્દેલટ્ટી સાથે મુલાકાત કરી હતી.

. . . . . . . . . . . . . . .

# PM CHENAB BRIDGE

કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 6 જૂનના રોજ જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ પુલનું ઉદ્ઘાટન કરશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે કહ્યું હતું કે, વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ ચેનાબ પુલ જમ્મુ અને કાશ્મીરમાં નવા ભારતની શક્તિ અને વિઝનનું ગૌરવપૂર્ણ પ્રતીક છે.

તેમણે કહ્યું કે આ પુલ ઉધમપુર-શ્રીનગર-બારામુલ્લા રેલવે જોડાણ પરિયોજનાનો એક ભાગ છે અને તેને સૌથી મુશ્કેલ કુદરતી પડકારોનો સામનો કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# INDIA ALLIANCE MEETING

ઇન્ડિયા એલાયન્સના સહયોગી પક્ષોએ પહેલગામ હુમલો અને ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદ સામે ભારતની પ્રતિક્રિયાને લઈને સંસદનું વિશેષ સત્ર બોલાવવાની માંગ કરી છે. આજે નવી દિલ્હીમાં યોજાયેલી ઇન્ડિયા બ્લોકની બેઠક બાદ કોંગ્રેસના સાંસદ દીપેન્દ્ર સિંહ હુડ્ડાએ મીડિયાને જણાવ્યું  કે 16 રાજકીય પક્ષોએ આ મુદ્દે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે.

તેમણે જણાવ્યું કે, પહેલગામ આતંકવાદી હુમલો અને ભારત-પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ દરમિયાન તમામ વિપક્ષી દળો સશસ્ત્ર દળો અને સરકારના સમર્થનમાં ઊભા રહ્યા હતા. રાષ્ટ્રીય જનતા દળના સાંસદ મનોજ ઝાએ કહ્યું કે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 15 દિવસમાં 13 નિવેદનો આપ્યા અને તે નિવેદનોથી ભારતની ભાવનાઓને ઠેસ પહોંચી છે. તેમણે કહ્યું કે, જો આ માટે સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવે તો અમે એક જ ભાષામાં બોલીશું. શ્રી ઝાએ ઉમેર્યું હતું કે આ સરકાર અને વિપક્ષની બાબત નથી, આ જવાબદારીની બાબત છે. આ બેઠકમાં શિવસેના (યુબીટી), આરજેડી, કોંગ્રેસ, એસપી, ટીએમસી સહિત ઇન્ડિયા બ્લોકના સભ્યોએ હાજરી આપી હતી.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# MANDAVIYA - URBAN - ADDA

કેન્દ્રીય યુવા બાબતો અને રમત ગમત મંત્રી મનસુખ માંડવીયાએ આજે શહેરી અડ્ડા 2025નું ઉદ્ઘાટન કર્યું હતું. આ ત્રણ દિવસીય સંમેલનનો ઉદેશ્ય શહેરોના ટકાઉ ભવિષ્ય માટે યુવાનોનો અવાજ, નિષ્ણાતો અને નેતાઓને એકત્ર કરવાનો છે. આ પ્રસંગે ડૉ.માંડવિયાએ સાયકલિંગને કસરતનું શ્રેષ્ઠ સ્વરૂપ ગણાવતા કહ્યું કે સાયકલિંગ ફક્ત લોકોને સ્વસ્થ રાખવા જ નહીં પરંતુ પર્યાવરણનું રક્ષણ કરવામાં પણ મદદ કરે છે.

આ કાર્યક્રમ દરમિયાન, શ્રી માંડવિયાએ 'સાયકલિંગ, ચિલ્ડ્રન એન્ડ સિટીઝ' અને 'રોડ ટુ સાયકલ ટુ સ્કૂલ' નામના બે પ્રકાશનોનું વિમોચન પણ કર્યું. તેમણે કહ્યું કે સન્ડે ઓન સાયકલ પહેલ ફિટ ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે એક રાષ્ટ્રવ્યાપી ચળવળ બની છે. તેમણે દરેકને દરરોજ સાયકલ ચલાવવા અને 2047 સુધીમાં વિકસિત ભારત તરફ યોગદાન આપવા વિનંતી કરી .

. . . . . . . . . . . . . . .

# NORTHEAST RAIN

સતત વરસાદને કારણે પૂર્વોત્તરના કેટલાક રાજ્યોમાં પૂરની સ્થિતિ હજુ પણ ગંભીર છે. આસામમાં 21 જિલ્લાઓમાં પાંચ લાખથી વધુ લોકો પૂરની ઝપેટમાં આવી ગયા છે. આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના જણાવ્યા અનુસાર વિનાશકારી પૂર અને ભૂસ્ખલનને કારણે અત્યાર સુધીમાં 11 લોકોએ જીવ ગુમાવ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના મુખ્યમંત્રી હિમંતા વિશ્વ શર્મા સાથે ફોન પર વાત કરી હતી અને રાજ્યમાં હાલની પૂરની સ્થિતિ વિશે પૂછપરછ કરી હતી. શ્રી મોદીએ રાહત અને પુનર્વસનના પ્રયાસો માટે કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી.

પ્રધાનમંત્રીએ સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમ સિંહ તમાંગ સાથે પણ લાચેનમાં ચાટેન ખાતે લશ્કરી છાવણીમાં ભારે ભૂસ્ખલન પછીની સ્થિતિ અંગે વાત કરી હતી. ભારતીય વાયુસેનાએ સિક્કિમમાં બચાવ અને રાહત કામગીરી શરૂ કરી છે. વાયુસેનાએ ઉત્તર સિક્કિમના ચાટેનમાં ફસાયેલા નાગરિકોની પ્રથમ ટુકડીને બચાવી લીધી છે.

હવામાન વિભાગે પૂર્વોત્તર ભારતનાં તમામ રાજ્યોમાં આગામી બે દિવસ દરમિયાન ભારેથી અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

. . . . . . . . . . . . . . .

# IPL FINAL

આઇપીએલ-2025ની ફાઇનલમાં, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર પંજાબ કિંગ્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ RCB સામે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે. બંને ટીમોએ ટીમમાં કોઈ ફેરફાર નથી કર્યો.

છેલ્લાં અહેવાલ મળ્યા ત્યારે આરસીબીએ 6.3 ઓવરમાં 2 વિકેટે 59 રન કર્યા છે.

રજત પાટીદારનાં કેપ્ટનશીપ હેઠળની આરસીબીએ પ્રથમ ક્વોલિફાયરમાં પંજાબ કિંગ્સને આઠ વિકેટે હરાવ્યું હતું. જો કે પંજાબ કિંગ્સે બીજી ક્વોલિફાયરમાં મુંબઇ ઇન્ડિયન્સને હરાવીને સ્પર્ધામાં પુનરાગમન કર્યું હતું.

બોર્ડ ઓફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઇન્ડિયા-BCCIએ ઓપરેશન સિંદુરની સફળતા બદલ ભારતીય સશસ્ત્ર દળોનાં શોર્યને બિરદાવતા કાર્યક્રમનું આયોજન કર્યું છે.

. . . . . . . . . . . .

# STOCKS AND RUPEE

સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો આજે લગભગ 0.7 ટકાનાં નુકસાન સાથે બંધ થયા હતા. મોટાં ભાગનાં સેક્ટર્સમાં વેચવાલીને પગલે સતત ત્રીજા સત્રમાં બજારમાં નરમાઇ જોવા મળી.

બોમ્બે સ્ટોક એક્સચેન્જનો 30 શેરોનો ઇન્ડેક્સ, સેન્સેક્સ 636 પોઇન્ટ ઘટીને લગભગ 0.8 ટકા ઘટીને 80 હજાર 738 પર બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી-ફિફ્ટી 174 પોઇન્ટ અથવા 0.7 ટકા ઘટીને 24 હજાર 543 પર બંધ રહ્યો હતો. મિડ-કેપ ઇન્ડેક્સ અડધા ટકાથી વધુ ઘટ્યો હતો અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ લગભગ સપાટ બંધ થયો હતો.

આરબીઆઇની નાણાકીય નિતીની સમિતિની બેઠક પૂર્વે નિફ્ટી બેન્ક ઇન્ડેક્સ 56 હજાર 161 ની નવી ઊંચાઈએ સ્પર્શ્યો હતો. આ સપ્તાહનાં અંતમાં આરબીઆઇ દ્વારા વ્યાજદરમાં સંભવિત ઘટાડાની આશાએ પસંદગીનાં બેન્ક શેરોમાં તેજી જોવા મળી હતી. જો કે કેટલાંક રોકાણકારોએ નફો બુક કરતાં અને હેવીવેઇટ બેન્ક શેરો ઘટતાં ઇન્ડેક્સમાં સુધારો ધોવાઈ ગયો હતા.

વિદેશી હૂંડિયામણ બજારમાં રૂપિયો અમેરિકન ડોલર સામે 21 પૈસા ઘટીને 85 રૂપિયા 59 પૈસા પર બંધ રહ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# INDONESIA OPEN BADMINTON

બેડમિન્ટનમાં, બે વખતનાં ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પી. વી. સિંધુએ આજે જાકાર્તામાં ઇન્ડોનેશિયા ઓપનની મહિલા સિંગલ્સની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. સુશ્રી સિંધુએ પ્રથમ રાઉન્ડમાં જાપાનની નોઝોમી ઓકુહારાને હરાવ્યા હતાં. પુરુષ ડબલ્સમાં સાત્વિકસાઈરાજ રેંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ પણ ઇન્ડોનેશિયાના લિયો રોલી કાર્નાન્ડો અને બાગાસ મૌલાનાને હરાવીને રાઉન્ડ ઓફ 16માં પ્રવેશ કર્યો છે.

. . . . . . . . . . . . . . .